**ફો.કે.નંબર 1401/04**

## આંક ૧ હેઠળ હુકમ

આજરોજ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી,અમદાવાદના પત્ર ક્રમાંક ૦૩ તા. ૨૧/૬/૨૨ ના પત્રમાં આપવામાં આવેલ સુચનાઓ મુજબ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો, તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ.ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ.

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે પ્રોહીબીશન એકટ,૧૯૪૯(ઓલ્ડ એકટ) અન્વયે કલમ ૬૬બી,૬૫એઈ,૮૧,૯૮,૯૯,૧૧૬(૧)બી હેઠળના ગુનાનો આક્ષેપ છે . હાલના કામે આરોપી સામે તા.૧૨/૮/૦૪ ના રોજ ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવા છતા આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આરોપીને હાજર રાખવામાં આવેલ નથી.તદ્દઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાય છે.

વળી સદર ગુનો પ્રોહીબીશન એકટ,૧૯૪૯(ઓલ્ડ એકટ) કલમ ૧૧૬ મુજબ આ અધિનિયમ હેઠળના તમામ ગુન્હાના કેસ ચલાવવા માટે મેજીસ્ટ્રેટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ મુજબ સંક્ષિપ્ત મુકદમા જેમાં અપીલ થઈ શકતી હોય તેવા મુકદમા માટે ઠરાવેલ કાર્યરીતી મુજબની કાર્યરીતી અપનાવવાની છે. તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૬૨ મુજબ ચેપ્ટર ૨૧ – સમરી ટ્રાયલના ગુનાઓ માટે સમન્સ ટ્રાયેબલ ગુન્હા માટે જે કાર્યરીતી લાગુ પડે છે તે મુજબ કાર્યરીતી કરવાની છે. જેથી સદર ગુનાના કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૮ લાગુ પડે છે જેથી ફો.કા.અ.ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

આથી ફો.કા.અ.ની કલમ ૨૫૮ અન્વયે આરોપી / આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૬મી જુન સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી,સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ

તા.૨૬/૦૬/૨૦૨૨

(કુ. રૂચિતા વિકાસ રાજે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૮,અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૧૦૪૮